# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,બનાસકાંઠા

## કિચન બ્લોક, જોરાવર પેલેસ, પાલનપુર, જિ.બનાસકાંઠા

(ISO 9001:2008 Certified)

**Phone No.(02742) 257055** **Email Id: bnsdeo@gmail.com**


ક્રમાંક:મા.વિ.૨/વર્ગ વધારો/વશી/૨૦૨૦/૨૧૫૮૦ તા.૨૯/૦૯/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી(તમામ),

બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

બનાસકાંઠા જિલ્લો

વિષય:- બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૦ થી ધોરણ-૯/૧૦ ના વર્ગ વધારા, ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ(સળંગ એકમ), ધોરણ-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ ના વર્ગ વધારાની જાહેરાત અન્વયે ઓનલાઈન દરખાસ્ત કરવા બાબત.

સંદર્ભ:-મે.સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી ૧૦+૨ ખાસ ઘટકના પત્ર ક્રમાંક:-ઉમશ/ઉમા૩/વ.મ./૨૦૨૦/૪૯૯૩-૫૦૨૬, તા.૨૫/૦૯/૨૦૨૦.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯/૧૦ ના વર્ગ વધારા, ધો-૧૧ પ્રથમ ક્રમિક વર્ગ(સળંગ એકમ), ધોરણ-૧૨ ક્રમિક વર્ગ તથા ધો-૧૧/૧૨ ના વર્ગ વધારાની અરજી કરવા અંગેની જાહેરાત તા.૨૫/૦૯/૨૦૨૦ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા ક્રમિક વર્ગ/વર્ગ વધારાની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ:૧૯/૧૦/૨૦૨૦ છે.

વર્ગ વધારાની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે

(૧) વર્ષ ૨૦૨૦-૨૧ બિન સરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે નિયત થયેલ દરખાસ્ત ફી ૨૫૦૦/- રૂપિયા ઓનલાઈન જમા કરાવવાના રહેશે. (ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહી). ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી.

(૨) શાળાએ માંગેલ વર્ગની વિદ્યાર્થી સંખ્યામાં સાતત્ય જળવાય છે કે mass promotion ના લીધે સર્જાયેલ હંગામી જરૂરીયાત છે તે બાબતોનો અભ્યાસ કરી વર્ગ વધારાની દરખાસ્ત કરવી. જેથી બિનજરૂરી વર્ગ મંજુર થવાથી શિક્ષકોના ફાજલના પ્રશ્નો ઉપસ્થિત ન થવા પામે.

(૩) કોઈ પણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહી.

(૪) શાળાની વર્ગ વધારાની દરખાસ્ત સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પૂરાવાઓ સહ ઓનલાઈન કરવાનું રાખશો. અધુરાશ વાળી/ખૂટતા આધારોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

(૫) શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના sms મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પૂર્તતા કરી દરખાસ્ત પુન: સબમીટ કરવી, જો આવેલ પૂર્તતા સમય મર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળા મંડળ/આચાર્ય જવાબદાર બનશે.

(૬) તારીખ:૧૯/૧૦/૨૦૨૦ ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૭) covid-19 ની પરિસ્થિતિના કારણે ભૌતિક રીતે ક્લાસરૂમમાં વિદ્યાર્થીની હાજરી ન હોવાથી દૈનિક હાજરી બુકની નકલના સ્થાને જો ઓનલાઈન ક્લાસ ચલાવવામાં આવતા હોય તો તેની હાજરી અન્યથા રજીસ્ટર્ડ વિદ્યાર્થી સંખ્યાની વિગતના અન્ય આધાર કે આચાર્યનું રજી.સંખ્યા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવું.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ શાળાઓની વર્ગ વધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા-પાલનપુર

બિડાણ:-જાહેરાત (તા.૨૫/૦૯/૨૦૨૦)

Scanned with CamScanner

નિયામકશ્રી, શાળાઓની કચેરી,
બ્લોક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

રાજ્યની બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં **જૂન-૨૦૨૦થી ધોરણ-૯,૧૦,૧૧** અને ૧૨ના ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે ઓનલાઈન અરજી કરવા નીચે મુજબની પ્રક્રિયા કરવા સંબંધિતોને જણાવવામાં આવે છે.

(૧) બિન સરકારી અનુદાનિત (ગ્રાન્ટ ઈન એઈડ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જૂન-૨૦૨૦થી ધોરણ - ૯,૧૦,૧૧ અને ૧૨ના ક્રમિક વર્ગ તથા વર્ગ વધારાની મંજૂરી મેળવવા માટે **http://cos.gipl.in/link** પર જઈ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. અરજી કરવાની છેલ્લી તારીખ 19/10/2020 રહેશે, અરજી માત્ર ને માત્ર ઓનલાઈન કરવાની રહેશે.

(૨) ઓનલાઈન અરજી કરવા અંગેની સુચનાઓ **http://cos.gipl.in/link**પર મુકવામાં આવેલ છે, જે ધ્યાને લઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા આનુષાંગિક આધાર પૂરાવા સ્કેન કરી અપલોડ કરવાના રહેશે. અધુરાશવાળી, અધુરા કે અસ્પષ્ટ આધારોવાળી અરજીઓ દફતરે કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

(૩) પ્રત્યેક અરજી અન્વયે / વર્ગ દીઠ નિયત ફી રૂ. ૨૫૦૦/- ઓનલાઈન ભરવાની રહેશે.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ તેઓના એકાઉન્ટમાં મળેલ પોતાના જિલ્લાની શાળાઓની ઓનલાઈન અરજીઓ સંદર્ભે સૂચના અનુસાર સ્થળ તપાસની કાર્યવાહી પૂર્ણ કરી તારીખ 13/11/2020 સુધીમાં નિયામકશ્રી, શાળાઓની કચેરીના એકાઉન્ટમાં જરૂરી રિમાર્ક્સ સહ ઓનલાઈન સબમીટ કરવાની રહેશે..

(૫) હાર્ડ કોપીમાં મળેલ દરખાસ્ત તથા સમય મર્યાદા બાદ અરજી કરવાની છૂટ આપવા બાબતની અરજી ધ્યાને લેવામાં આવશે નહી.

નિયામક
શાળાઓની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર

તારીખ : ૨૫/૦૯/૨૦૨૦

Scanned with CamScanner